## સુરતમાં ગણેશોત્સવની તૈયારી પણ પૂરજોશમાં



■ સુરતમાં ગણેશોત્સવ માટે ભારે થનગનાટ જોવા મળે છે ત્યારે કેટલાક કારખાનામાં મૂર્તિઓને રંગ કરવાનું પણ શરુ કરી દેવાયું છે. **(તસવીર : સતીષ જાદવ)**

## વેસુમાં ફ્લેટનો દરવાજો લોક થતાં 2 વર્ષનું બાળક પુરાયું

સુરત: શહેરના પોશ ગણાતા વેસુ વિસ્તારમાં આવેલા આગમ આર્કેડ સામે સ્થિત 'જશ રેસિડન્સી'ના A3-504 નંબરના ફ્લેટમાં એક અણધારી ઘટના સામે આવી હતી. ફ્લેટનો મુખ્ય દરવાજો અચાનક લોક થઈ જતાં તેમનું 2 વર્ષનું બાળક હિમાંશુ જૈનના ઘરમાં એકલું પુરાઈ ગયું હતું. દરવાજો અંદરથી બંધ થઈ જતાં અને બાળક એકલું પડી જતાં પરિવારજનોમાં ભારે ગભરાટ અને દોડધામ મચી ગઈ હતી. બનાવ અંગે બપોરે 4:06 વાગ્યે ફાયર બ્રિગેડના કંટ્રોલ રૂમને ઈમરજન્સી કોલ કરીને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતા જોઈને ફાયર ફાઈટર્સની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. ફાયર ટીમે ખૂબ જ કાળજી અને સમયસૂચકતા વાપરીને દરવાજો સુરક્ષિત રીતે ખોલી બાળકને સહીસલામત બહાર કાઢ્યું હતું. બાળક સલામત મળતાં જ જૈન પરિવાર સહિત સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## ઉમરવાડામાં સોમેશ્વર આર્કેડ નજીક કૂવાની દીવાલ ધરાશાયી

સુરત : શહેરના ઉમરવાડા વિસ્તારમાં આવેલા સોમેશ્વર આર્કેડની બાજુમાં એકાએક કૂવાની દીવાલ ધરાશાયી થવાની ઘટના સામે આવી હતી. બપોરે આશરે 4.16 વાગ્યાના સુમારે કૂવાની દીવાલ અચાનક ધડાકાભેર તૂટી પડતાં આસપાસના વિસ્તારમાં ક્ષણભર માટે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. બનાવની જાણ થતાં જ સ્થાનિક લોકો ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા અને તંત્રને ઈમરજન્સી કોલ કરીને આ અંગે તુરંત ફાયર કંટ્રોલમાં માહિતી આપવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે કૂવા આસપાસના વિસ્તારને બેરીકેડ કરી દેવામાં આવ્યો છે અને કાટમાળ ખસેડવાની સાથે કોઈ દુર્ઘટના ન ઘટે તે માટે બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. સદ્નસીબે આ બનાવમાં કોઈ જાનહાનિના અહેવાલ પ્રાપ્ત થયા નથી, પરંતુ તંત્ર દ્વારા કૂવાની સ્થિતિ અને આસપાસના સ્ટ્રક્ચરની સુરક્ષા ચકાસવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

# દત્તક પુત્રએ દેવું થતાં માતાની હત્યા કરી પોતે ફાંસો ખાઇ લીધો

**અશ્વિનીકુમાર** રોડની રૂપમ સોસા.માં રહેતા જતીન સોનાણીએ સવારે દરવાજો નહીં ખોલતાં પડોશીઓએ પોલીસ બોલાવી

**જતીન** સોનાણી ઘણા સમયથી ટેન્શનમાં રહેતો હતો

સુરતઃ માત્ર છ જ માસનો હતો ત્યારે જેને દત્તક લઈને ઉછેર્યો તે જ પુત્રએ શેરબજારમાં થયેલા નુકસાનના ટેન્શનમાં પોતાની જ પાલક માતાની હત્યા કરી પોતે ગળાફાંસો ખાઈ લીધો હોવાની કરૂણ ઘટના પ્રકાશમાં આવી છે. વરાછા અશ્વનિકુમાર રોડ પર આવેલી રૂપમ સોસાયટીમાં ગુરુવારે રાત્રે બનેલી કરુણ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી છે.

મળતી માહિતી મુજબ, મૂળ ભાવનગર જિલ્લાના ગારિયાધરના વતની ભાનુબેન જગદિશભાઈ સોનાણી પોતાના દત્તક પુત્ર જતીન સાથે રહેતા હતા. ભાનુબેન-જગદીશભાઈને સંતાન ન હોવાથી તેમણે પરિવારના જ છ માસના જતીનને દત્તક લીધો હતો અને પોતાના પુત્રની જેમ ઉછેર્યો હતો. જતીનને વર્ષો સુધી ભાનુબેન અને જગદીશભાઈએ લાડકોડથી ઉછેર્યો હતો. જગદીશભાઈનું અવસાન થતાં હાલમાં ભાનુબેન અને જતીન અશ્વિનીકુમાર રોડની રૂપમ સોસા. માં રહેતા હતા. જતીનની ઉંમર 36 અને ભાનુબેનની ઉંમર 63 વર્ષની હતી. શુક્રવારે સવારે લગભગ સાડા દસ વાગ્યા સુધી ઘરનો દરવાજો ન ખુલતા પડોશીઓ અને સંબંધીઓને શંકા જતાં તેમણે દરવાજો ખખડાવ્યો હતો. અંદરથી કોઈ જવાબ ન મળતાં પોલીસને જાણ કરવામાં આવી હતી.

પોલીસે સ્થળ પર પહોંચી દરવાજો ખોલીને તપાસ કરતાં બેડરૂમમાં જતીન લોખંડના હૂક સાથે દોરી બાંધી ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. જ્યારે ભાનુબેનનો મૃતદેહ પલંગ પર પડ્યો હતો. નજીકમાંથી વાયર અથવા પ્લાસ્ટિકની દોરી જેવું સામગ્રી પણ મળી આવ્યું હતું. પોલીસે બંનેના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યા હતા. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું છે કે, જતીન શેરબજારના વ્યવસાય સાથે સંકળાયેલો હતો. ધંધામાં લાખો રૂપિયાનું દેવું થઈ જતાં તે છેલ્લા કેટલાક સમયથી ભારે માનસિક તણાવમાં રહેતો હતો. આ જ તણાવમાં તેણે માતાની હત્યા કર્યા બાદ પોતે પણ જીવન ટૂંકાવી લીધું હોવાની પોલીસની પ્રાથમિક માન્યતા છે. ભાનુબેનના પતિનું ઘણા વર્ષો પહેલાં અવસાન થતાં માતા-પુત્ર બંને એકલા રહેતા હતા. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## નોકરી નહીં મળતા ટેન્શનમાં 18 વર્ષિય યુવાને પાંચમાં માળેથી ઝંપલાવી દીધું

સુરતઃ મૂળ ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના વતની પંકજભાઈ જસાણી હાલમાં વેડરોડ ખાતે મંગલ ગ્રુપ સોસાયટીની બાલાજી કોમ્પ્લેક્ષમાં પરીવાર સાથે રહે છે. તે હોઝિયરીની દુકાન ધરાવે છે. પંકજભાઈનો 18 વર્ષીય પુત્ર જશ ધોરણ-12 સુધીનો અભ્યાસ કર્યો હતો અને હાલમાં નોકરીની શોધમાં હતો. ગુરુવારે બપોરે જશે ઘરના પાંચમા માળના બારીમાંથી પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં જશને નોકરી નહીં મળતા તેના ટેન્શનમાં આવીને આપઘાતનું પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

## વિવાદી કીર્તિ પટેલ સામે હવે લેન્ડગ્રેબિંગનો ગુનો નોંધાયો

**પંચવટી** સોસાયટીના મકાનમાલિકનું ૨૦૧૯થી ભાડું ન ચૂકવી મકાન હડપ કરવાનો પ્રયાસ

સુરતઃ પુણા વિસ્તારમાં ભાડાના મકાનમાં રહી મકાન ખાલી ન કરી કબજો જમાવી લેનાર તથા મકાનમાલિકને જાનથી મારી નાંખવાની ધમકી આપનાર ભાડૂઆત મહિલા સામે પુણા પોલીસ સ્ટેશનમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાતા ચકચાર મચી ગઈ છે.

ડુંભાલ ખાતે આવેલી પંચવટી સોસાયટીમાં રહેતા અને મૂળ મહેસાણાના બલોલ ગામના વતની મંજુલાબેન કિર્તીભાઈ પટેલ (ઉં.વ. ૫૯)ની માલિકીનો એક ફ્લેટ ઉધનામાં કુશલદર્શન વાટિકામાં આવેલો છે.આ ફ્લેટમાં તારીખ ૧૫/૧૧/૨૦૧૯થી આરોપી કિર્તીબેન રણછોડભાઈ પટેલ (રહે, કુશલદર્શન વાટીકા, પરવટ પાટિયા, સુરત; મૂળ વતન- વાઘેલા, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર) ભાડેથી રહેતા હતા.પરંતુ તેમણે આજદિન સુધી આરોપી મહિલાએ મકાનનું કોઈ જ ભાડું ચૂકવ્યું નહોતું. આથી મકાનમાલિક મંજુલાબેન તથા તેમના પતિએ અવારનવાર મકાન ખાલી કરવા માટે રજૂઆત કરી હતી, તેમ છતાં આરોપીએ ફ્લેટ ખાલી કર્યો ન હતો.દરમિયાન, આરોપી કિર્તીબેન વિરુદ્ધ અન્ય ગુનાઓ દાખલ થતાં તેઓ ફ્લેટને તાળું મારીને ક્યાંક જતા રહ્યા હતા. મકાનમાલિકે અવારનવાર ટેલિફોનિક તથા રૂબરૂ સંપર્ક કરી મકાનનો કબજો સોંપવા જણાવતાં આરોપી મહિલાએ ઉદ્ધત વર્તન કર્યું હતું. આરોપીએ મકાનમાલિકને સ્પષ્ટ સંભળાવી દીધું હતું કે, 'આ મકાનનું લાઈટબિલ હું ભરું છું જેથી તમારો ફ્લેટ ખાલી કરવાની નથી. તમારાથી જે થાય તે કરી લો અને જો બીજીવાર ફ્લેટ ખાલી કરાવવા આવશો તો જાનથી મારી નાખીશ.

# 'નટખટ' ક્રિએશનની 'જયભારત મિલ' સાથે 15.20 લાખની 'ખટપટ'

**નટખટના** માલિક પ્રમોદ દેસાનીએ જયભારત ડાઈંગ પાસે 17.37 લાખનું જોબવર્ક કરાવી માત્ર 2.16 લાખ જ ચૂકવ્યા

સુરતઃ રિંગરોડ ખાતે આવેલા ઋષભ ટેક્સટાઈલ ટાવરમાં ઓફિસ ધરાવતી જાણીતી પ્રોસેસિંગ હાઉસ કંપની સાથે ગ્રે કાપડનું ડાઈંગ અને પ્રિન્ટિંગ કામ કરાવ્યા બાદ રૂ. ૧૫.૨૦ લાખનું બાકી પેમેન્ટ ચૂકવ્યા વગર વિશ્વાસઘાત આચરનારા નટખટ ક્રિએશનના પ્રોપ્રાઈટર સામે સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

કડોદરા ચાર રસ્તા પાસે રહેતા અને રિંગ રોડ સ્થિત ઋષભ ટેક્સટાઈલ ટાવરના બેઝમેન્ટમાં 'જય ભારત ડાઈંગ એન્ડ પ્રિન્ટિંગ પ્રાઈવેટ લિમિટેડ' કંપનીની હેડ ઓફિસ ધરાવતા સુભાષભાઈ ઓમપ્રકાશભાઈ વર્મા (ઉં.વ. ૫૩) કાપડના વેપાર સાથે સંકળાયેલા છે. તારીખ ૧૮/૦૪/૨૦૨૩ થી ૨૯/૦૭/૨૦૨૩ દરમિયાન રિંગરોડ પર ગોપી માર્કેટમાં બીજા માળે દુકાન નંબર ૨૦૦૨ ધરાવતા અને 'નટખટ ક્રિએશન'ના પ્રોપ્રાઈટર પ્રમોદ જયપ્રકાશ દેસાનીએ તેમની કંપનીનો સંપર્ક કર્યો હતો.આરોપી પ્રમોદ દેસાનીએ જય ભારત ડાઈંગ કંપની પાસે કુલ રૂ. ૧૭,૩૭,૪૯૦/-ની કિંમતનું ગ્રે કાપડ પ્રોસેસિંગ અર્થે મોકલી ડાઈંગ અને પ્રિન્ટિંગનું કામ કરાવ્યું હતું. માલ તૈયાર થઈને ડિલિવરી મળી ગયા બાદ, સમયસર પેમેન્ટ ચૂકવવાનો વાયદો કરનાર આરોપીએ શરૂઆતમાં માત્ર રૂ. ૨,૧૬,૮૧૭/- નું આંશિક પેમેન્ટ ચૂકવ્યું હતું. ત્યારબાદ બાકી નીકળતા રૂ. ૧૫,૨૦,૬૭૩/- નો હિસાબ ચૂકવવામાં આનાકાની શરૂ કરી હતી.જેથી સુભાષભાઈ અને તેમની કંપનીના માણસોએ અવારનવાર બાકી નાણાંની માંગણી કરતા આરોપી પ્રમોદ દેસાની બહાના બતાવવા લાગ્યો હતો. આરોપીએ "મારું પેમેન્ટ બીજી જગ્યાએ ફસાયેલું છે, પૈસા આવી જશે એટલે તમારું બાકી પેમેન્ટ ચૂકતે કરી દઈશ" તેમ કહી આજ-કાલમાં પેમેન્ટ આપવાના ખોટા વાયદા કરી સમય પસાર કર્યો હતો. આખરે પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં સુભાષભાઈએ સલાબતપુરા પોલીસનો સંપર્ક કર્યો હતો.આ અંગે સલાબતપુરા પોલીસે આરોપી પ્રમોદ જયપ્રકાશ દેસાની વિરુદ્ધ છેતરપિંડી મુજબ ગુનો નોંધ્યો છે. આ મામલે પીએસઆઈ એસ. એમ. સિસોદિયાએ આગળની તપાસ હાથ ધરી છે.

## માતાએ ખુલ્લા વાળને ચોટલા વાળતાં કિશોરીનો આપઘાત

**ભેસ્તાનમાં** રહેતી મુસ્કાન શેખ નાનીના ઘરે જવા માટે વાળ ખુલ્લા રાખવા માંગતી હતી

સુરતઃ ભેસ્તાન વિસ્તારમાં રહેતી 14 વર્ષની કિશોરીએ ઘરે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. કિશોરીએ વાળ ખુલ્લા રાખતા માતાએ બે ચોટલાં ગૂંથી આપ્યા હતા. જે વાતનું માઠું લાગી આવતા પગલું ભર્યું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

મૂળ મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના વતની મંજૂર હુસેન શેખ હાલ ભેસ્તાનની આશિયાના સોસાયટીમાં પરિવાર સાથે રહે છે. તે સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરે છે. તેમના પરિવારમાં પત્ની, બે પુત્ર અને 14 વર્ષની પુત્રી મુસ્કાન હતી. મુસ્કાને સુરતમાં ધોરણ-7 સુધી અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ તેને વતનમાં મદ્રેસામાં ધોરણ-8ના અભ્યાસ માટે હોસ્ટેલમાં મૂકવામાં આવી હતી. જોકે, ત્યાં બે-ત્રણ દિવસ રહ્યા બાદ તે ફરી સુરત પોતાના ઘરે પરત આવી ગઈ હતી. ગુરુવારે સાંજે મુસ્કાને ઘરના રૂમનો દરવાજો અંદરથી બંધ કરી પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોને જાણ થતાં તેને તાત્કાલિક નીચે ઉતારી પડોશીની કારમાં ખાનગી હોસ્પિટલ લઈ જવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, મુસ્કાન જ્યારે પણ નાનીના ઘરે જતી ત્યારે વાળ ખુલ્લા રાખતી હતી. કાલે પણ તે વાળ ખુલ્લા રાખીને જવા તૈયાર થઈ હતી. આ દરમિયાન માતાએ વાળ ખરાબ થઈ જશે તેમ કહી ઠપકો આપ્યો હતો અને તેના બે ચોટલા ગૂંથી આપ્યા હતા. આ બાબતનું મનમાં લાગી આવતાં તેણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

## પુણાગામમાં ઘર કંકાસમાં આધેડે ઝેર પીને આપઘાત કર્યો

સુરતઃ મૂળ રાજસ્થાન જયપુરના વતની કિશનભાઇ ગણેશભાઈ જાલોરા (50 વર્ષ) હાલમાં પુણાગામ વિસ્તારમાં આવેલ સીતાનગર સોસાયટી વિભાગ-3માં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા અને રસોઈ બનાવવાનું કામકાજ કરતા હતા. કાલે બપોરે કિશનભાઇએ ઘરમાં ઝેર પી લીધું હતું. પરીવારને બનાવની જાણ થતાં તેમને 108 એમ્બુલન્સ મારફતે સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન મોડી રાત્રે કિશનભાઇનું મોત નિપજ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં કિશનભાઇએ ઘર કંકાસમાં આપઘાતનું પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

# દેશમાં પ્રથમ વખત ટ્રેન દ્વારા જીવંત હૃદય સુરતથી અમદાવાદ પહોંચ્યું

**પાસોદરામાં** બ્રેઈન ડેડ યુવકના અંગદાનથી ચારને નવજીવન મળશે



અમદાવાદ, સુરત : સુરતથી અમદાવાદ સુધી ટ્રેનમાં મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ દ્વારા જીવંત હૃદયને નિર્ધારિત સમયમર્યાદામાં સુરક્ષિત રીતે પહોંચાડવામાં આવ્યું હતું.આ અભિયાન અત્યંત સમયબદ્ધ અને સંવેદનશીલ હોવાથી ભારતીય રેલવે, રાજ્ય પોલીસ, રેલવે સુરક્ષા દળ તેમજ તબીબી ટીમો વચ્ચે અસરકારક સંકલન કરી અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-1થી યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ સુધી વિશેષ ગ્રીન કોરિડોર તૈયાર કરવામાં આવ્યો હતો, જેના કારણે હૃદયને કોઈપણ પ્રકારના વિલંબ વિના હોસ્પિટલ સુધી પહોંચાડવામાં સફળતા મળી હતી.

અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક વેદ પ્રકાશે જણાવ્યું હતું કે, વંદે ભારત એક્સપ્રેસ દ્વારા સુરતથી અમદાવાદ સુધી જીવંત હૃદયને સમયસર અને સુરક્ષિત રીતે પહોંચાડવાની આ સિદ્ધિ ભારતીય રેલવે માટે ગૌરવની ક્ષણ છે. જીવનરક્ષક મિશનમાં દરેક ક્ષણ કિંમતી હોય છે અને વિવિધ એજન્સીઓ વચ્ચેના સુમેળપૂર્ણ સંકલનને કારણે આ અભિયાન સફળ બન્યું છે.

મૂળ ઓડિશાના ગંજામ જિલ્લાના કાળાખાડી-સિદ્ધપુરના વતની અને હાલમાં કીમ પાસોદરા ખાતે રહેતા મિથુન સ્વૈન (36 વર્ષ) સંચા ખાતામાં કામ કરતા હતા. ગત તારીખ 28 જુલાઈના રોજ રૂમ પર અચાનક તેમનું મોઢું વાંકું થઈ જતાં અને શરીરના ડાબા ભાગે અસર થતાં તેમને પ્રથમ સ્થાનિક ખાનગી હોસ્પિટલમાં અને ત્યારબાદ 108 એમ્બ્યુલન્સ મારફતે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન 30 જુલાઈએ RMO ડો.કેતન નાયક, પ્લાસ્ટિક સર્જન ડો.નિલેશ કાછડીયા, ન્યુરોલોજીસ્ટ ડો.પ્રયાગ મકવાણા અને ન્યુરોસર્જન ડો.કેયુર પ્રજાપતિએ તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા.

ત્યારબાદ અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના સ્વયંસેવક ઇકબાલ કડીવાલાએ પરિવારને અંગદાનનું મહત્વ સમજાવ્યું હતું. પરિવારજનોએ અંગદાન માટે સંમતિ આપી હતી. ત્યારબાદ વહેલી સવારે યોજાયેલી પ્રાર્થના સભામાં નવી સિવિલના ઈન્ચાર્જ તબીબી અધિક્ષક ડો. પારૂલ વડગામા, મેડિકલ ઓફિસર રાજેન્દ્ર સોલંકી હાજર રહ્યા હતા.

## મેફેડ્રોન ડ્રગ્સ અને સિરિન્જ સાથે યુવાન બીજી વખત પકડાયો

સુરત : અગાઉ માદક દ્રવ્યો સાથે પકડાયેલો આરોપી ઉત્રાણ પોલીસના હાથે બીજી વખત પકડાયો હતો. તેની પાસેથી ₹37,900 ની કિંમતનું 3.79 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ, એક્ટિવા મોપેડ તથા ઇન્જેક્શનની સિરિંજ સહિત કુલ ₹75,900 નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ઉત્રાણ પોલીસ ઈન્સ્પેક્ટર એચ.આર. ગોસ્વામી અને અ.હે.કો. સુધીરભાઈ લાલજીભાઈની બાતમીના આધારે પોલીસે મૂળ જુનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના રાવણી ગામના વતની અને સુરતમાં ઉત્રાણ ખાતે રાધે રેસિડેન્સીમાં સી/603માં રહેતા વતની કેતનભાઈ ઉર્ફે વકીલ મનસુખભાઈ પટેલ (ઉં.વ. 29) ને ઝડપી લીધો હતો. તેને કોસાડ આવાસમાં રહેતા મુસ્તકી પટેલ અને મુન્નાભાઈ નામના બે ઈસમોએ પૂરો પાડ્યો હતો. પોલીસે આ બંનેને વોન્ટેડ જાહેર કર્યા હતા.

# બાળકીની છેડતી કરી ઉઠાવી જવાનો પ્રયાસ કરનારને 3 વર્ષની કેદની સજા

**નરાધમ** તુષાર પાલડીયા બાળકીએ બૂમાબૂમ કરતાં ભાગી ગયો હતો

સુરતઃ સિંગણપોર-ડભોલી વિસ્તારમાં સાત વર્ષની માસૂમ બાળકીનું અપહરણ કરવાનો પ્રયાસ કરી તેની સાથે અશ્લીલ વર્તન કરનાર આરોપીને પોક્સો કેસની વિશેષ અદાલતે દોષિત જાહેર કર્યો છે. એડિશનલ સેશન્સ જજે આરોપી તુષાર ઉર્ફે જીગો ધીરુભાઈ પાલડીયાને ત્રણ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી છે. ઉપરાંત રૂ. 15 હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. દંડની રકમ નહીં ભરાય તો ચાર મહિનાની વધારાની કેદ ભોગવવી પડશે. અદાલતે દંડની રકમ સહિત કુલ રૂ. 50 હજાર પીડિત બાળકીને વળતર તરીકે ચૂકવવાનો પણ હુકમ કર્યો છે.

આ કેસની વિગત એવી છે કે, વર્ષ 2015માં બાળકી પોતાની માતા સાથે ઘરે સૂતી હતી ત્યારે આરોપી ઘરમાં ઘૂસ્યો હતો અને બાળકીને જબરદસ્તી ઉઠાવી લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. જોકે બાળકીએ બૂમો પાડતા માતા જાગી ગઈ હતી અને બાળકીને આરોપીના કબજામાંથી છોડાવી લીધી હતી. ત્યારબાદ આરોપી ધક્કો મારી મોટરસાયકલ પર ફરાર થઈ ગયો હતો.આ બનાવ અંગે બાળકીની માતાએ સિંગણપોર પોલીસ સ્ટેશન મથકે સંબંધિત કલમો તેમજ પોક્સો કાયદા હેઠળ ફરિયાદ નોંધાવી હતી. તપાસ બાદ પોલીસે આરોપીની ધરપકડ કરી તેની સામે ચાર્જશીટ અદાલતમાં રજૂ કરી હતી. સુનાવણી દરમિયાન બચાવ પક્ષે વિવિધ દલીલો કરી હતી, પરંતુ સરકાર પક્ષના એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર તેજશ પંચોલીએ આઠ સાક્ષીઓ અને 21 દસ્તાવેજી પુરાવા રજૂ કરીને આરોપ સામેનો ગુનો સાબિત કર્યો હતો. કોર્ટ સમક્ષ પીડિત બાળકી અને તેના માતા-પિતાની જુબાની ઉપરાંત ડિજિટલ તથા ફોરેન્સિક પુરાવાઓ પણ મહત્વપૂર્ણ સાબિત થયા હતા. આરોપીના મોબાઈલના એફએસએલ રિપોર્ટ અને ગુગલ ટાઈમલાઈન લોકેશનના આધારે પણ આરોપીની સંડોવણી સ્પષ્ટ થતાં અદાલતે તમામ આરોપોમાં દોષિત ઠેરવી ત્રણ વર્ષની સખ્ત કેદની સજા અને .15 હજાર દંડ ચુકવવાનો હુકમ કર્યો હતો. અને પીડિતાને 50 હજાર વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો.

## રૂ. ૪.૮૦ કરોડની હીરાની ઠગાઇનો આરોપી ૮ મહિને ઝડપાયો

સુરતઃઈકો સેલ ખાતે નોંધાયેલા રૂ. ૪,૮૦,૭૯,૮૦૦ની હીરાની ઠગાઇને આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે. જો કે, તેને પકડવામાં આઠ-આઠ મહિના જેટલો સમય નીકળી ગયો હતો. આ ટોળકીએ ફરિયાદી સાથે વોટ્સએપ દ્વારા રેપનેટ પર વેચાણ માટે મૂકેલા હીરા ખરીદવાનો સોદો કર્યો હતો. ત્યારબાદ હીરાનો જથ્થો દુબઈ ખાતે મંગાવી લીધો હતો અને બોગસ ઓળખ આપી પોતાની પાસે મંગાવેલા માલનું પેમેન્ટ ચૂકવ્યા વિના મોબાઈલ તથા વોટ્સએપ બંધ કરી દીધા હતા. આરોપીએ ૫,૩૪,૨૨૦ યુએસ ડોલર (ભારતીય ચલણ મુજબ અંદાજે રૂ. ૪.૮૦ કરોડ) નું પેમેન્ટ ન ચૂકવી છેતરપિંડી આચરી હતી. આ કેસના અન્ય આરોપી તો પકડાઇ ગયા હતા પરંતુ મૂળ રાજકોટના જામકંડોરણાના મોટા ભાદરા ગામના વતની અને હાલ ડભોલી સ્વામિનારાયણ મંદિર પાસે વાસુ ફ્લેટમાં રહેતા ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધર્મેશ ઉર્ફે લાલાભાઈ મહિપતસિંહ ખેરડીયા (ઉં.વ. ૩૯) આઠ આઠ મહિનાથી પોલીસને હાથતાળી આપી રહ્યો હતો તેને ડી.ડી. સ્પોર્ટ્સ સર્કલ, વરીયાવ ટી પોઈન્ટ પાસે વોચ ગોઠવીને ને ઝડપી પાડવામાં આવ્યો છે. આ કામગીરી અમરોલી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. જે.જી. કામળિયાની ટીમના હેડ કોન્સ્ટેબલ લાલજીભાઈ વરવાભાઈની બાતમીના આધારે કરવામાં આવી હતી.

## પરિણીતાના આપઘાત કેસમાં પતિ અને જેઠાણી સામે ગુનો નોંધાયો

સુરત : અમરોલીની પરિણીતાના આપઘાત કેસમાં પોલીસે પતિ અને જેઠાણી સામે ગુનો નોંધ્યો હતો.

મોરબી ખાતે રહેતા મનસુખભાઈ લાઠીયાની પુત્રીના બીજા લગ્ન અમરોલીમાં રજવાડી પાર્ટી પ્લોટ પાસે, સ્ટાર રેસિડેન્સીના ફ્લેટ નંબર J/503 માં રહેતા અને હીરાના કારખાનામાં કામ કરતા હાર્દિક દિનેશભાઈ વાડોલિયા સાથે કરાવવામાં આવ્યા હતા. શીતલને સંતાનમાં ૯ માસનો પુત્ર પરમ છે. લગ્નના છ મહિના વીત્યા બાદ સાસરિયાંઓનો અસલી ચહેરો સામે આવ્યો હતો. પતિ હાર્દિક અને તેની જેઠાણી જલ્પાબેન હર્ષદભાઈ વાડોલિયા તેને કંઈ લાવી નથી જમવાનું બનાવતા આવડતું નથી કહીને ત્રાસ આપતા પરિણીતાએ આપઘાત કરી લીધો હતો.


**જાહેર નિવિદા નં- ૧૫ સને ૨૦૨૬-૨૭**
**માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઇજનેરશ્રી, વલસાડ (મા. મ.) વિભાગ, સેવા સદન-૨, પહેલો માળ, વલસાડ-૩૯૬૦૦૧, ફોન-નં-(૦૨૬૩૨)૨૪૪૧૨૮ દ્વારા ઈ-ટેન્ડરીંગથી વિભાગ દ્વારા ધરમપુર અને વલસાડ પેટા વિભાગ દ્વારા લીગલ ડિપાર્ટમેન્ટ ના કુલ-૩ જેની અંદાજીત રકમ ૬.૦૪ લાખ થી ૫૫.૯૫ લાખ છે. માટે ઓનલાઈન ટેન્ડરો માંગવામાં આવે છે. જેના ટેન્ડરો વેબસાઈટ https://www.tender.nprocure.com ઉપરથી જોવા મળશે.

ઉપરોક્ત નિવિદામાં સમાવિષ્ટ કામો તારીખ ૧૭-૦૮-૨૦૨૬ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન સબમીશન કરી શકાશે. અને શક્ય હશે તો ટેન્ડર બીજા દિવસે ખોલવામાં આવશે. કોઈ પણ કારણો આપ્યા સિવાય નિવિદા રદ કરવાની સત્તા અત્રેના વિભાગની અબાધિત રહેશે.

કાર્યપાલક ઈજનેર
વલસાડ (માXમ) વિભાગ,
વલસાડ

નં.માહિતી/વલસાડ/૨૮૯/૨૦૨૬



**Muthoot Homefin**
**Muthoot Homefin (India) Ltd.**

CIN-U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસ: મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ, 19/E, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ નજીક, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
બ્રાન્ચ ઓફિસ: મૂથૂટ હોમફિન (I) લિમિટેડ ઓફિસ નંબર 502, 5th માળ, રિદ્ધિ આર્કેડ, નારંગી બાયપાસ રોડ, વાયકે નગર, પેન્ટાલૂન્સ શોરૂમ ઉપર, વિરાર (વેસ્ટ), પાલઘર - 401304

પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6) ની જોગવાઈ જુઓ]
**પ્રાઇવેટ ટ્રીટી કમ વેચાણ માટેની જાહેર નોટિસ**

સિક્યોરિટિઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા ઉધારકર્તાઓ પાસેથી બાકી લેણી રકમની વસૂલાત માટે નીચે દર્શાવેલ ગીરે મુકાયેલી સંપત્તિનો કબજો લીધા અનુસંધાને, નીચે વર્ણવેલ સ્થાવર મિલકત ખરીદવા માટે સીલબંધ કવરમાં નીચે સહી કરનાર દ્વારા ઓફરો આમંત્રિત કરવામાં આવે છે, જે 'જેમ છે જ્યાં છે તેના આધારે', 'જેમ છે જેવું છે તેના આધારે' અને 'જે કંઈ પણ છે તેના આધારે' કબજામાં છે, જેની વિગતો નીચે મુજબ છે:-

| અ. નં. | ઋણ લેનારાઓ/ સહ-ઋણ લેનારાઓ/ જામીનદારો / લોન એકાઉન્ટ નંબર / શાખા | માંગણી નોટિસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | રિઝર્વ પ્રાઇસ | અનામત ડિપોઝિટ (EMD) (RP ના 10%) |
|---|---|---|---|---|---|
| 1. | દેવેન્દ્ર પ્રવીણભાઈ વિસરોલિયા / ગુણવંતીબેન પ્રવીણભાઈ વિસરોલિયા / 002-00001263 / વલસાડ | રૂ. 18-Aug-2023 22,25,194/- રૂપિયા બાવીસ લાખ પચીસ હજાર એકસો ચોરાણું માત્ર. | ફ્લેટ નંબર F-3/407 ચોથો માળ, "શિવમ વિહાર" ગામ સોલસુંબા તા. ઉમરગામ, સુરત. | રૂ. 8,00,000/- રૂપિયા આઠ લાખ માત્ર. | રૂ. 80,000/- રૂપિયા એંસી હજાર માત્ર. |

1. હરાજી "જેમ છે જ્યાં છે" અને "જેમ છે જેવું છે" તેના આધારે યોજવામાં આવી રહી છે
2. હરાજી વેચાણની વિગતવાર નિયમો અને શરતો નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સમાવિષ્ટ છે, જે ઉપર જણાવેલ પ્રાદેશિક કાર્યાલયમાં ઉપલબ્ધ છે
3. 'મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ' ની તરફેણમાં ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવવાપાત્ર EMD અને KYC સાથે નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બીડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ 20-Aug-2026 ના રોજ સાંજના 04:00 વાગ્યા સુધી ઉપર દર્શાવેલ સરનામે પ્રાદેશિક કાર્યાલય ખાતે છે. સંપૂર્ણ રીતે ભરેલા ન હોય તેવા ટેન્ડરો અથવા છેલ્લી તારીખ પછી મળેલા ટેન્ડરોને અમાન્ય ટેન્ડર ગણવામાં આવશે અને તે અનુસાર રદ કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતની નિરીક્ષણની તારીખ 19-Aug-2026 ના રોજ બપોરે 1:00 વાગ્યાથી બપોરે 3:00 વાગ્યા વચ્ચે છે.
5. મિલકત માટે બીડ/ઓફર હરાજી તારીખ ખોલવાની તારીખ અધિકૃત અધિકારી દ્વારા ઉપર દર્શાવેલ શાખા કાર્યાલયના સરનામે 21-Aug-2026 ના રોજ બપોરે 1:00 વાગ્યે છે.
6. કોઈપણ બાકી વૈધાનિક નોટિસ અને બોજો / કર બાકી વગેરેની જો કોઈ હોય તો તેની ચુકવણી માટે MHIL જવાબદાર રહેશે નહીં અને રકમ ચૂકવવાની તેમની જવાબદારી સફળ હરાજી ખરીદનારની રહેશે. ઈચ્છુક બોલીદાતાએ મિલકતના બોજા ટાઈટલ અંગે પોતાની સ્વતંત્ર તપાસ કરવી જોઈએ અને સાથે જ નિરીક્ષણ કરીને ખાતરી કરી લેવી જોઈએ.
7. સર્વોચ્ચ બોલીદાતા MHIL લિમિટેડની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપ્યા વિના મળેલી તમામ કે કોઈપણ ઓફર/બીડ સ્વીકારવાનો અધિકાર અનામત રાખે છે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. ઋણ લેનારાઓ/જામીનદારોને આથી સરફેસી એક્ટ, 2002 હેઠળ હરાજીની તારીખ પહેલાં ઉપર જણાવેલ રકમ ચૂકવવા માટે 15 દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે, જેમાં નિષ્ફળ જતાં સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો ઉધારકર્તા વેચાણની તારીખ પહેલાં મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડને બાકી રકમ સંપૂર્ણ ચૂકવી દે છે, તો હરાજી રદ કરવાને પાત્ર છે. વધુ વિગતો માટે, ઉપર જણાવેલ ઓફિસના સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો સંપર્ક વ્યક્તિ- પવન તિવારી- 9082135452

તારીખ: 01, ઓગસ્ટ, 2026
સ્થળ: સુરત

સહી/- અધિકૃત અધિકારી
મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ



**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

**સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ**

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો-શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

| અ. નં. | લોન એકાઉન્ટ નંબર | લોનનો પ્રકાર | દેવાદારો / સહદેવાદારોનું નામ | ૧૩(૨) નોટીસની તારીખ | ૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૭૩૪૯૭૦૩ | હોમ લોન | ૧. લલીતાબેન ભરતભાઈ પાટીલ ૨. ભરત પાટીલ | ૨૫.૦૭.૨૦૨૬ | રૂ।.૧૦,૬૯,૩૫૯.૨૪ |

**મિલકત નુ સરનામુ :** તમામ ભાગ અને હિસ્સો ધરાવતો આર્ય રેસીડન્સી નો પ્લોટ નં. ૨૧૨, માપ ૭૨ ચો.વાર એટલેકે ૬૦.૨૮ ચો.મી. રોડ અને સી ઓ પી ની જમીન ના ૩૫.૨૬ ચો.મી. ના વણવહેચેલા હિસ્સા સહિત રેવન્યુ સર્વે નં. ૫૫ બ્લોક નં. ૮૨ મોજે ગામ કારેલી, પલસાણા સુરત-ગુજરાત ખાતે આવેલ છે.**જેની ચર્તુદિશા : પૂર્વ તરફ** :સોસાયટી આંતરીક રોડ,**પશ્ચિમ તરફ** : પ્લોટ નં. ૨૨૭ , **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૨૧૩, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૨૧૧ આવેલ છે.

| અ. નં. | લોન એકાઉન્ટ નંબર | લોનનો પ્રકાર | દેવાદારો / સહદેવાદારોનું નામ | ૧૩(૨) નોટીસની તારીખ | ૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| ૨. | ૧૦૭૨૨૦૬૬૩ | મિલકત સામે લોન | ૧. આશીષ અરૂણભાઈ જૈન ૨. કિષ્ના યાર્ન ટ્રેડસ ૩. જૈન રામેશ્વરી અરૂણભાઈ | ૨૨.૦૭.૨૦૨૬ | રૂ।.૧૩,૮૮,૬૭૩.૪૧ |

**મિલકત નુ સરનામુ :** તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી દુકાન નં. એસ-૪૫, માપ આશરે ૨૯૨ ચો.ફુટ એટલે કે ૨૭.૧૪ ચો.મી. સુપર બિલ્ટઅપ એરીયા અને માપ આશરે ૨૨.૬૨ ચો.મી બિલ્ટઅપ એરીયા, ૧૦.૩૧ ચો.મી ના વણવહેચાયેલા જમીન ના હિસ્સા સહિત સીલીકોન શોપર્સ નામ ની જાણીતી સ્કીમ ના બિજા માળે આવેલ છે. જે રેવન્યુ સર્વે નં. ૩૭ ના ભાગમાં, સીટી સર્વે નં. ટીકા નં. ૩, ફાઈનલ પ્લોટ નં. ૨૨, ટી પી એસ નં.૧, (ઉધના મજુરા) મોજે ઉધના મેઈન રોડ, તાલુકા ચોર્યાસી ના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક અને સબડિસ્ટ્રીક સુરત ગુજરાત-૩૯૫૨૧૦, ખાતે આવેલ છે.**જેની ચર્તુદિશા : પૂર્વ તરફ** :જોડેના રોડ,**પશ્ચિમ તરફ** : જોડેનો એફ.પી નં. ૨૨ પૈકી ની જમીન , **ઉત્તર તરફ** : જોડેનો રોડ, **દક્ષિણ તરફ** : જોડેનો એફ.પી નં. ૨૨ પૈકી ની જમીન આવેલ છે.

આથી **તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી અન્ય કોસ્ટ ચાર્જીસ સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એકટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ-ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/-
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

તારીખ : ૦૧.૦૮.૨૦૨૬
સ્થળ : સુરત, ગુજરાત